# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૩/૧૦/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **ગુજરાતની ૨૬ માંથી ૨૬ લોકસભાની બેઠક ફરીથી કબજે કરીશું : રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાત પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ**
- **કોંગ્રેસ લોકસભાની નહિ પરંતુ ભ્રમ ફેલાવવાની તૈયારી કરી રહી છે.**
- **દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર સાહેબની પ્રતિમા "સ્ટેચ્યુ ઓફ યુનિટી" આવનારા સમયમાં ગુજરાત અને હિન્દુસ્તાનના ગૌરવનું સૌથી મોટું કેન્દ્ર બનશે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આગામી લોકસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે સુરત ખાતે પધારેલા રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ, ભાજપ–ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી, ભાજપ–ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાજી, ભાજપ–ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારના માર્ગદર્શનમાં આજરોજ "પંડિત દીનદયાળ

ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે સુરત, નવસારી અને વલસાડ લોકસભા સીટના ચુનાવ સમિતિના પદાધિકારીઓ સાથે એક મહત્ત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠક અંગે પત્રકારમિત્રોને માહિતી આપતા ગુજરાતના પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવે જણાવ્યું કે આગામી લોકસભા–૨૦૧૯ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં દિલ્હી ખાતે એક બેઠક યોજાઈ હતી. ગુજરાતની ૨૬ માંથી ૨૬ લોકસભા સીટ કેવી રીતે જીતી શકાય ? પાર્ટીની નીતિઓ જનતા સુધી કઈ રીતે લઈ જઈ શકાય ? લોકો સાથે સંવાદ અને સંપર્ક કઈ રીતે વધારી શકાય ? વિગેરે વિષયો બાબતે કાર્ય યોજના બનાવવામાં આવી હતી. આ કાર્ય યોજના મુજબ જ પાર્ટીએ દરેક પ્રદેશમાં એક ચુનાવ સમિતિ બનાવી છે અને એ જ રીતે લોકસભા વાઈઝ એક ચુનાવ સમિતિ બનાવવામાં આવી છે. જેનો બેઠકોનો દોર હાલમાં ચાલી રહ્યો છે. તા. ૨ જી ઓક્ટોબર થી તા. ૫ મી ઓક્ટોબર–૨૦૧૮ દરમ્યાન ૨૦ લોકસભા ક્ષેત્રોના કાર્યકર્તાઓ સાથે પાર્ટીની કાર્ય યોજનાને લઈને બેઠકો યોજાશે.

ભાજપની જેમ જ કોંગ્રેસ પણ ચૂંટણીની તૈયારી કરી રહી છે. તેવા સવાલના જવાબમાં શ્રી ભૂપેન્દ્રજી યાદવે જણાવ્યું કે કોંગ્રેસ લોકસભાની ચૂંટણીની તૈયારી નહિં પરંતુ હંમેશા ભ્રમ ફેલાવવાની, જુઠ્ઠાણાં ફેલાવવાની તૈયારી કરતી હોય છે.

આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખેડૂતો માટે જાહેર કરેલી અનેક કલ્યાણકારી યોજનાઓ આગામી દિવસોમાં તા. ૫ મી ઓક્ટોબર થી તા. ૧૫ મી ઓક્ટોબર દરમ્યાન કિસાન મોરચા દ્વારા જન–જન સુધી લઈ જવામાં આવશે. પ્રધાનમંત્રી ફસલ યોજના, સોઈલ કાર્ડ યોજના, સિંચાઈ યોજના સહિતની તમામ યોજનાઓ ખેડૂતો સુધી લઈ જઈ આ યોજનાઓનો લાભ અપાવવા માટે પાર્ટીના કાર્યકર્તાઓ ખેડૂતોને મદદ કરશે તેમ શ્રી ભૂપેન્દ્રજી યાદવે જણાવ્યું હતું.

“સ્ટેચ્યુ ઓફ યુનિટી” બાબતે શ્રી ભુપેન્દ્રજી યાદવે જણાવ્યું કે દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર સાહેબના સન્માનમાં ભારતને મજબુત બનાવવા માટે તેમણે આપેલા યોગદાન માટે તેમના પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દ્રઢ સંકલ્પશક્તિના પગલે ગુજરાત સરકાર દ્વારા સરદાર સાહેબની જે પ્રતિમા તૈયાર કરવામાં આવી રહી છે તે આગામી દિવસોમાં ગુજરાત અને દેશના ગૌરવનું સૌથી મોટું કેન્દ્ર બનશે.